RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૩૧ તા.૨૯–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી તા.૨–૧૨–૧૧ ના રોજ કરેલ અપીલના નિકાલ બાદ અરજદારે તા.૨૯–૧૨–૧૧ ના રોજ પુનઃ કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૧/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી તા.૨–૧૨–૧૧ ના રોજ કરેલ અપીલના નિકાલ બાદ અરજદારે તા.૨૯–૧૨–૧૧ ના રોજ પુનઃ કરેલ અપીલ બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે ફરીયાદના નિકાલની નોંધ વિભાગ સહિતના પૂર્તતા અહેવાલની નકલો રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૬ તા.૧૧–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી રજૂ કરેલ–જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા નારાજગી અંગે આધાર સહ વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૨૨૬૭ તા.૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદાને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૦૩ તા.૩૦–૧૧–૧૧ ના પત્રની નકલ, તથા ફરીયાદ નં.૯૯૯/ ૫૨૦૧૧૨૬૭૮/૨૬૮૦/,૨૬૮૧/૨૬૮૨/ ૨૮૪૯/૨૮૫૦ ના ફરીયાદ સ્ટેટસના રીપોર્ટની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી સીટી સીવીક સેન્ટરને જે ઓન લાઈન ઓકટો.૧૧ થી નવે.૧૧ સુધી અપીલ કરીને ફરીથી કરવામાં આવેલી ફરીયાદો ૯૯૯/૫૨૦૧૧૨૬૭૮/૨૬૭૯/૨૬૮૦/, ૨૬૮૧/૨૬૮૨/ ૨૮૪૯/૨૮૫૦ થી ફરીયાદ અંગે સક્ષમ ઓફિસરે જે પણ કાર્યવાહી કરેલ હોય તેની વિગતવાર રીપોર્ટની નકલ મેળવવા માટે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૦૩ તા.૩૦–૧૧–૧૧ના પત્રથી " કોમ્પ. આઈ ડી નં.૯૯૯/૫૨૦૧૧૨૮૪૯ નો જવાબ રજૂ કરેલ છે. જે અંગે અરજદારે તા.૨–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૧૨ તા.૧–૨–૧૨ થી " અરજદારની તા.૧૧–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પુરી પાડેલ ફરીયાદ ૨૬૮૦ તથા ૨૮૫૦ ને લગતી કાર્યવાહી બાબતની દફતરી હકીકતલક્ષી વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો સમય અવધિમાં પૂરી પાડેલ ૫ ફરીયાદ નિકાલને લગતી કાર્યવાહી બાબતે જાહેર માહિતી અધિકારીનો કચેરી કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરી દફતરી તપાસણી કરવા સ્વતંત્ર છે. જે અંગે અરજદારે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની

રહેશે. " તેવો વિગતવાર હુકમ કરવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદ નં.૨૮૫૦/૨૬૮૦ કાર્યવાહીને લગતી ફીડબેકની નકલો પણ રજૂ કરેલ છે. આમ અરજદારની અરજીની અપીલ બાબતે અગાઉની અપીલ નં.એસએમસી/એફએપી/૪૪૯/૧૧–૧૨ તા.૧–૨–૧૨ ની અપીલમાં અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજી સામેની અપીલનો નિકાલ થઈ ગયેલ હોય તે અરજી બાબતે પુનઃ કરેલ અપીલ એસએમસી/એફએપી/૫૩૧ બાબતે પુનઃ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અગાઉનો હુકમ યથાવત રાખવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજી બાબતે અરજદારે તા.૨૯–૧૨–૧૧ ના રોજ એ જ અરજી બાબતે પુનઃ અપીલ કરેલ હોઈ તે અંગે પુનઃ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અગાઉનો હુકમ યથાવત રહે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,